# જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં ભારે મતદાન



નવી દિલ્હી, તા.૨૫

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન માટે આજે સવારે આઠ વાગ્યાથી વિવિધ વિસ્તારોમાં મતદાન શરુ થયું છે. આ પ્રથમ તબક્કામાં ઝારખંડની કુલ ૮૧માંથી ૧૩ બેઠકો અને જમ્મુ કાશ્મીરની ૮૭ બેઠકોમાંથી ૧૫ બેઠકો પર મતદાન શરુ થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર જમ્મુ કાશ્મીરમાં આશરે ૭૦ ટકા જ્યારે ઝારખંડમાં આશરે ૬૨ ટકા જેટલું ભારે મતદાન થયું છે. મતદાનના આ પ્રથમ ચરણમાં બંને રાજયોના કુલ ૩૨૨ ઉમેદવારોનું ભાગ્ય આજે ઈવીએમમાં સીલ થઈ જશે. જમ્મુ કાશ્મીરમાં ભાજપ અને નેશનલ કોન્ફરન્સ ૧૩-૧૩ બેઠકો પર જ્યારે પીડીપી ૧૪ બેઠકો પરથી ચૂંટણી લડી રહી છે તો ઝારખંડમાં ભાજપ, જેએમએમ તથા બીએસપીએ ૧૨ બેઠકો, કોંગ્રેસ ૭ અને આરજેડી ૬ બેઠકો પરથી ચૂંટણી લડી રહી છે. બંને વિસ્તારમાં આતંકવાદી હુમલા થવાની શકયતા હોવાથી ખુબ સુરક્ષા રાખવામાં આવી રહી છે. ઝારખંડમાં ૪૦,૦૦૦ સૈનિકો સુરક્ષા માટે તૈનાત હોવા છતાં પલામુના એક વિસ્તારમાંથી પાંચ લેન્ડ માઈન્સ મળી આવ્યા હતા.

જમ્મુ કાશ્મીરમાં કુલ ૮૭ બેઠકો માટે પ્રથમ ચરણમાં ૧૫ બેઠકો માટે મતદાન થયું છે. જેમાં ૧૦,૫૦,૨૫૦ કુલ મતદાતા છે અને ૧,૭૮૭ મતદાન કેન્દ્રો છે. ઝારખંડમાં કુલ ૮૧ બેઠકો માટે પ્રથમ ચરણમાં ૧૩ બેઠકો માટે મતદાન થયું છે. જેમાં ૩૩,૬૫,૭૮૦ કુલ મતદાતા છે અને ૩,૭૩૭ મતદાન કેન્દ્રો છે.



## વ્યાજદરમાં કાપ મુકવા રઘુરામ રાજન ઉપર હવે જોરદાર દબાણ

નવી દિલ્હી,તા. ૨૫

વિકાસની ગતિ ધીમી પડતા આરબીઆઈ ઉપર વ્યાજદરમાં ઘટાડો કરવા માટે હવે તીવ્ર દબાણ આવી રહ્યું છે. આજે આરબીઆઈના બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠકમાં નાણાં મંત્રી અરુણ જેટલી અને આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજન ઉપસ્થિત રહ્યા હતા. ભારતની આર્થિક વિકાસની ગતિ અગાઉના ત્રિમાસિક ગાળામાં ૫.૭ ટકાથી ઘટીને ૫ ટકા થઈ ગઈ છે. જેના કારણે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. નજીકના સુત્રોનું કહેવું છે કે, વ્યાજ દરમાં ઘટાડો કરવા રઘુરામ રાજન ઉપર હવે દબાણ લાવવામાં આવ્યું છે. સારા દિવસો આવનાર છે તેવા વચન સાથે વડાપ્રધાન મોદીના નેતૃત્વમા સરકાર કેન્દ્રમાં આવ્યાને છ મહિનાનો સમય થયો છે પરંતુ વિકાસનો દર પાંચ ટકા થઈ ગયો છે. અગાઉના ત્રિમાસિક ગાળા કરતા તેમાં ઘટાડો થયો છે. એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રમાં વિકાસ દર ૮ ટકાની આસપાસ પહોંચ્યો હતો. એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રમાં વિકાસ પામતા વર્કફોર્સ માટે પુરતા જોબની જરૂર છે. સત્તાવાર જીડીપીના આંકડા શુક્રવારના દિવસે જારી કરવામાં આવનાર છે. વ્યાજદરમાં કાપને લઈને હંમેશા રજુઆત થઈ રહી છે. રઘુરામ રાજન કહી ચુક્યા છે કે, ફુગાવાને લઈને પરિસ્થિતિ પર નજર છે. રેપોરેટ આઠ ટકા છે. નવી દિલ્હીમાં પોલીસી જાણકારોનું કહેવું છે કે, આરબીઆઈ ઉપર વધતા દબાણ વચ્ચે કેટલાક પગલા લેવામાં આવી શકે છે. સબ-૫ ટકા ગ્રોથના બે વર્ષ બાદ સપાટી વધી રહી નથી. જેટલી કહી ચુક્યા છે કે, ફિસ્કલ ડેફિસીટના ટાર્ગેટને જીડીપીના ૪.૧ ટકા સુધી લાવવામાં આવશે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે,વ્યાજદરમાં કાપ ભારત માટે શ્રેષ્ઠ વિકલ્પ નથી. માળખાકીય સુવિધાની તાકીદની જરૂર છે. આનાથી બિઝનેસ પ્રવૃત્તિ વધશે.

## કાળા નાણાં મુદ્દે ચર્ચા માટે સરકાર તૈયાર

નવી દિલ્હી,તા. ૨૫

કાળા નાણાંના મુદ્દે જોરદાર વિવાદની સ્થિતિ છે અને વિરોધપક્ષોના દબાણ હેઠળ રહેલા ભાજપે આજે પરિસ્થિતિને હળવી બનાવતા કહ્યું હતું કે તે આના ઉપર ચર્ચા માટે તૈયાર છે. કાળા નાણાંના મુદ્દે ચર્ચા માટે સરકાર તૈયાર છે. ભાજપ સંસદીય પક્ષની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા સંસદીય બાબતોના પ્રધાન રાજીવ પ્રતાપ રુડીએ કહ્યું હતું કે, અમે વિદેશમાંથી કાળા નાણાંને પરત લાવવા સંપૂર્ણપણે ગંભીર અને કટિબદ્ધ છીએ અમે વિદેશીબેંકો અને વિદેશી રાષ્ટ્રોમાં પડેલા કાળા નાણાંને પરત લાવવા માટે વાસ્તવિક્તા ઉપર દબાણ લાવવા તૈયાર છીએ. આ બેઠક સંસદીય હાઉસ લાઈબ્રેરીમાં યોજાઈ હતી. જેમાં નાણાં મંત્રી અરુણ જેટલીએ જીએસટીના મુદ્દે વાત કરી હતી. સંસદીય બાબતોના મંત્રી વૈંકેયા નાયડુએ સાંસદોને આ મુદ્દે તૈયારી રાખવા કહ્યું હતું.બીજીબાજુ સભ્યોને સંબોધતા જેટલીએ કહ્યું હતું કે સરકાર



આ સત્રમાં જીએસટી માટે કટિબદ્ધ છે. આગામી સત્ર સુધી આને પાસ કરી દેવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, આ મુદ્દે રાજ્યો દ્વારા જે દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે તે દૂર કરવામાં આવી રહી છે. પ્રધાને એમપણ કહ્યું હતું કે, મલ્ટીલેવલ ટેક્સ સિસ્ટમ દેશમાં હોવાના કારમે તમામ અડચણો છે. કાળા નાણાંનો મુદ્દો રુડીએ ઉઠાવ્યો હતો. કોમન માર્કેટ સર્જવાના ઈરાદાથી જીએસટી મુદ્દે લાવવામાં આવનાર છે. આ સત્રમાં જ કાયદો લાવવા સરકાર કટિબદ્ધ છે. સંસદના આગામી સત્ર સુધી આને પસાર કરી દેવામાં આવશે. સરકાર આ સંદર્ભમાં તમામ રાજ્યો સાથે વાતચીત કરશે. વર્ષ ૨૦૧૬ સુધી દેશમાં જીએસટીને રજુ કરી દેવામાં આવશે.

આ સત્રમાં બિલ રજુ કરવામાં આવનાર છે. આગામી સત્રમાં આને પસાર કરવામાં આવશે. આગામી વર્ષ સુધી અન્ય ત્રણ બિલ પણ રજુ કરવામાં આવનાર છે. આજની બેઠકમાં પીઢ નેતા એલકે અડવાણી, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી હાજર રહ્યા હતા. રાજનાથસિંહ ઉપસ્થિત રહ્યા નહતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કાળા નાણાંના મુદ્દે લોકસભાની ચુંટણી પહેલા ભાજપે આક્રમક પ્રચાર કર્યો હતો. વડાપ્રધાનની જવાબદારી સંભાળનારી નરેન્દ્ર મોદીએ લોકસભા ચુંટણીના પ્રચાર દરમિયાન કાળા નાણાંનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીએ સત્તા આવ્યા બાદ તરત જ કાળા નાણાંને પરત લાવવાની વાત કરી હતી જેના પરિણામ સ્વરૂપે કોંગ્રેસ સહિતના વિરોધપક્ષો સરકારને ભીંસમાં લેવા પ્રયાસ કરી રહ્યા છે.

## સ્પોટ ફિક્સિંગ : શ્રીનિવાસન પર પ્રતિબંધની જોરદાર માંગ

નવી દિલ્હી,તા. ૨૫

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) સ્પોટ ફિક્સિંગ અને સટ્ટા કૌભાંડના સંબંધમાં સુપ્રીમ કોર્ટે આજે ફરી એકવાર સુનાવણી હાથ ધરી હતી. અરજીદારના વકિલ હરીશ સાલ્વેએ બીસીસીઆઈના પ્રમુખ એન શ્રીનિવાસનને ભારતીય ક્રિકેટ બોર્ડથી બેથી પાંચ વર્ષ સુધી દૂર રાખવા અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટ સમક્ષ આ મુજબની અપીલ કરાઈ હતી. હરિશ સાલ્વેએ શ્રીનિવાસનના બીસીસીઆઈ પ્રતિબંધની રજુઆતથી ખળભળાટ મચી ગયો હતો.આ મામલામાં વધુ સુનાવણી ૨૭મી નવેમ્બર સુધી મોકુફ કરી દેવામાં આવી હતી.હરિશ સાલ્વેએ કલંકિત ક્રિકેટરોના નામ જાહેર કરવા માટે પણ રજુઆત કરી હતી. સાથે-સાથે મુડગલ કમિટિના રિપોર્ટને જાહેર કરવા માટે પણ આક્રમક રજુઆત કરી હતી. મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે, સુપ્રીમે સ્પષ્ટપણે સંકેત આપ્યો છે કે, માહિતી લીક કરીને જીતહારનો કોઈ મતલબ નથી. જોકે, શ્રીનિવાસનના સંદર્ભમાં હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી. અગાઉ સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈની જોરદાર ઝાટકણી કાઢી હતી. શ્રીનિવાસનની આશા ઉપર પાણી ફરીવળે તેવી રજુઆત કરાઈ છે. સુપ્રીમ કોર્ટે આઈસીસીના વડાને તેમની સામેના આરોપોને દૂર કરવા આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે અગાઉ કહ્યું હતું કે, આઈપીએલના લીધે બીસીસીઆઈ અને આઈપીએલને સીધો ફાયદો થયો છે. મુડગલ કમિટી દ્વારા સુપ્રત કરવામાં આવેલા અહેવાલના મુદ્દે કઠોર તારણો રજુ કરતા સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈને કહ્યું હતું કે, સામાન્ય લોકોનો વિશ્વાસ હચમચી ઉઠ્યો છે. ક્રિકેટની રમતના ગૌરવને ફરી જાળવી રાખવામાં આવે તે જરૂરી છે.



કાઠમંડુ ખાતે ૧૮મી સાર્ક પરિષદમાં ભાગ લેવા પહોંચેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નેપાળના ત્રિભુવન એરપોર્ટ પર ગૃહપ્રધાન બામદેવ ગૌતમે સ્વાગત કર્યા પછી તેમણે હવામાં હાથ હલાવી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. શાર્ક બેઠકમાં હાજરી આપવા માટે નેપાળ પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, તમામ પડોશી દેશો સાથે નજીકના સંબંધોને તેમની સરકાર ઉચ્ચ પ્રાથમિક્તા આપશે. તેમની સરકાર અન્ય દક્ષિણ એશિયન દેશો સાથે મંત્રણાને આગળ વધારવા કટિબદ્ધ છે.

**ફ્લાઇટમાં વિલંબ થવાના કારણે અસર**

## ઓક્ટોબરમાં એર ઈન્ડિયાના ૫૦,૦૦૦ યાત્રીઓ અટવાયા

મુંબઇ,તા. ૨૫

ફ્લાઇટોમાં વિલંબના કારણે ઓક્ટોબર મહિનામાં એર ઇન્ડિયાના ૫૦૦૦૦ યાત્રીઓ જુદી જુદી જગ્યાએ અટવાઇ પડયા હતા. ફ્લાઇટમાં વિલંબ થવા માટે પણ જુદા જુદા કારણો આપવામાં આવ્યા હતા. દરમિયાન અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે ક ભારતભરમાં દર મહિને ફ્લાઇટમાં વિલંબ થવાના કારણે ૨૫૦૦૦ યાત્રીઓ અટવાઇ પડે છે. એર ઇન્ડિયા સહિત તમામ ઇન્ડિયન કેરિયઅર્સની ફ્લાઇટ મોડે પડતા આ સ્થિતી સર્જાય છે. જો કે તમામ એર લાઇન્સ હવે તીવ્ર સ્પર્ધા વચ્ચે વિમાની યાત્રીઓને કોઇ તકલીફ ન પડે તેવા પ્રયાસ કરે છે. ઓક્ટોબર મહિનામાં કુલ ૬૨૦૧૧ વિમાની યાત્રીઓ ફ્લાઇટમાં વિલંબ થવાના કારણે બે કલાકથી વધુ સમય સુધી અટવાઇ પડ્યા હતા.જે પૈકી એર ઇન્ડિયાના વિમાની યાત્રીઓની સંખ્યા સૌથી વધારે ૫૦૭૭૩ નોંધાઇ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સપ્ટેમ્બર મહિનામાં કુલ ૨૪૨૫૦ યાત્રીઓને માઠી અસર થઇ હતી. જે પૈકી એર ઇન્ડિયાના ૧૮૩૪૬ યાત્રીઓ હતા.

અગાઉના મહિનાઓમાં આવી જ સ્થિતી રહી હતી. સ્થાનિ માર્કેટ હિસ્સેદારીની દ્ર,ટિએ નેશનલ કેરિયર ત્રીજી સૌથી મોટી એરલાઇન તરીકે છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનના આંકડામાં જણાવાયું છે કે એર ઇન્ડિયામાં મુસાફરી કરનાર દરેક ૧૦૦ યાત્રી પૈકી દરેક ત્રણ યાત્રીઓને વિમાનીમથકે મુશ્કેલ સ્થિતીનો સામનો કરવો પડ્યો છે. જ્યારે ખાનગી એરલાઇન્સમાં બુકિંગ કરાવનાર લોકોને માત્ર ૦.૨ ટકા મુશ્કેલી નડી છે. તહેવારની સિઝનમાં પણ આવી સ્થિતી સર્જાઇ હતી. દિવાળીના પર્વ પર પણ આવી સ્થિતી રહી હતી. વિલંબના કારણે અસર પામેલા યાત્રીઓ પર એર ઇન્ડિયાને ૬૭ લાખ રૂપિયા ખર્ચ કરવાની ફરજ પડી છે. તેમની બુકિંગ રદ કરવા અને રિફંડ સહિતનના કેટલાક કારણોસર આ રકમ ખર્ચ કરવી પડી છે.

## કથક ડાન્સર સિતારા દેવીનુ મુંબઈ ખાતે થયેલુ અવસાન

મુંબઈ,તા. ૨૫

લોકપ્રિય કથક ડાન્સર સિતારા દેવીનુ મોડી રાત્રે અવસાન થતા તેમના લાખો ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતુ. તેઓ ૯૪ વર્ષના હતા. તેમના અંતિમસંસ્કાર ગુરૂવારના દિવેસ કરવામાં આવનાર ચે. સિતારા દેવીને પેટમાં દુખાવાની ફરિયાદ કરવામાં આવ્યા બાદ મુંબઈના જસલોક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બોલિવુડમાં કથકને સ્થાન અપાવવામાં સિતારા દેવીએ ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. સિતારા દેવીએ મધુબાલા, રેખા, માલાસિંહા અને કાજોલ જેવી ટોપની અભિનેત્રીઓને ક્લાસિકલ ડાન્સની ટ્રેનિંગ આપી હતી. સિતારા દેવીને તેમના યોગદાન બદલ સંગીત નાટક એકેડમી એવોર્ડ, પદ્મસ્રી અને કાલિદાસ સન્માન જેવા એવોર્ડ અપાયા હતા. સિતારા દેવીનુ વાસ્તવિક નામ ધનલક્ષ્મી હતુ. તેમનો જન્મ કોલકત્તામાં સુખદેવ મહારાને ત્યાં થયુંહતુ. સોમવારના દિવસે તેમની તબિયત વધારે ખરાબ થયા બદા વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા હતા. સિતારાદેવીને અગાઉ કુમ્બલા હિલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં દાખલ કરવામાં આવ્યા હતા. સિતારા દેવી કથકમાં મહાન હસ્તી બની ગયા હતા.

નોબેલ સાહિત્યકાર રવિન્દ્રનાથ ટાગોરતી તેઓ ખુબ પ્રભાવિત હતા. તેઓએ મુંબઈમાં બોલિવુડમાં પણ કેટલાક કલાકારોને ટ્રેનિંગ આપી હતી.તેમના અવસાનતી આઘાતનુ મોદીએ તેમના અવસાન ઉપર દુઃખ વ્યક્ત કરતા કહ્યું છે કે, કથક સાથે જોડાયેલા તેમના યોગદાનને યાદ કરવામાં આવશે. સિતારાદેવીના અવસાન ઉપર દુઃખ વ્યક્ત કરતા




મોજુ ફરી વળ્યું હતુ. સિતારાદેવીના અવસાન પર ચારેયબાજુ શોકનું મોજું ફરી વળ્યું છે.વડાપ્રધાન નરેન્દ્ર તેમણે કહ્યું છે કે, સિતારાદેવીના આસપાસના પાત્રો પણ તેમના ડાન્સથી જીવંત થઈ ગયા હતા.

**નવાં કલેવર** (પાના નં. ૪ નું ચાલુ)

જો તે કોઇ સામાન્ય છોકરી સાથે લગ્ન કરત તો તેને પોતાના સમાજમાં હાંસીપાત્ર થવું પડત. અને જો કોઇ આધુનિક છોકરી સાથે લગ્ન કરત તો તેના કુટુંબીજનોને દુ:ખી જોવાં પડત. તેથી તેને માયા જેવી કોઇ મધ્યમવર્ગની સહનશીલ અને સમજ પૂર્વક સંબંધો જાળવી જાણે તેવી છોકરીની જરૂર હતી. તે ઇચ્છતો હતો કે તેનાં લગ્ન એવી છોકરી સાથે થાય તે ચુપચાપ માનસિક ઉત્પીડન સહન કરતી રહે પણ સંસ્કારવશ ઘરની બહાર કોઇને પોતાના પતિ કે સાસરીયાં વિરૂદ્ધ કંઇ કહી ન શકે.

‘શું તમે આ જ છોકરીની વાત કરતાં હતા?’

ડો. રોયનો અવાજ સાંભળીને મેં ચોકીને આંખો ખોલી. અને મને કંઇક ભાન આવ્યું. ત્યારે મને યાદ આવ્યું કે મારી પાસે ઓરડામાં બીજા કોઇ પણ બેઠાં છે. મને જરા સંકોચ થયો અને જરા સાચવીને બેસતાં કહ્યું. ‘માફ કરજો કોણ જાણે તને શું થઇ ગયેલું. કદાચ તમે કંઇ પુછતાં હતા?’

હાં હું એ છોકરી બાબતે જ વાત કરતો હતો. બિચારી બહુ દુ:ખી હતી. મારી તરફ માયાનો પત્ર ધરતાં ખુબ જ સહાનુભૂતિ પૂર્વક ડો. રોયે કહ્યું.

તેમના મુખે ‘હતી’ શબ્દ સાંભળીને હું ગભરાઇ અને માયાનો પત્ર જોઇ મારી આંખોમાં આંસુ આવી ગયા. મારા ચહેરાની ભાવભંગિમાને જોઇને ડો. રોય મારી મનોદશા સમજી ગયા. તેથી એ મને આશ્વાસન આપતાં ખુબ જ પ્રેમપૂર્વક બોલ્યા ‘તમે ગભરાશો નહીં. તમારી બહેનપણી, બિલકુલ બરાબર છે. હવે તમે પત્રનો છેલ્લો ફકરો વાંચી લો. તે વાંચીને તમને બધું જ સમજાઇ જશે.’

તેણે લખેલું કે ‘આ મારો છેલ્લો પત્ર છે. હવે મારો દીકરો મોટો થઇ ગયો છે અને સમજુ પણ છે. તેના જીવનને એક દિશા પણ મળી ગઇ છે. તેથી હું ઘર છોડીને જઇ રહી છું. કેમ કે સમાજ જેને મારો પતિ કહે છે તે ફક્ત મારા પુત્રનો પિતા છે અને હું તેની વંશવૃદ્ધિનું માત્ર માધ્યમ બની. આજ સુધી મારા દીકરાના ભવિષ્ય માટે મેં એ વ્યક્તિ સાથે એક છત નીચે મારા આત્મસન્માનને ભુલીને મારી તમામ જવાબદારી નિભાવી એક અજાણની જેમ પરંતુ હવે મારું શેષ જીવન હું મારી જાત સાથે જીવવા માંગુ છું. જે સપનાં મેં મારા લગ્ન પહેલાં જોયેલાં તેને હવે પુરાં કરવા માંગુ છું. હાં પણ એટલી મને ખબર છે કે અજાણ્યા લોકોની વચ્ચે હું મારી એક નવી ઓળખ ઊભી કરવા જઇ રહી છું. જો હું સફળ જઇશ તો કયારેક ને કયારેક તને જરૂરથી મળીશ. નહીં તો સમજજે કે...

**તારી માયા.**

**- vanvihari@gmail.com**

## શારદા કૌભાંડ આર્ટીસ્ટ શુભપ્રસન્ના સામે સમન્સ

કોલકાત્તા,તા. ૨૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા આજે સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને પશ્ચિમ બંગાળના રાજકારણમાં ભૂકંપ સર્જનાર શારદા ચીટફંડ કૌભાંડના સંબંધમાં જાણીતા પેન્ટર શુભપ્રસન્ના સામે આજે સમન્સ જારી કરવામાં આવ્યું હતું. અહેવાલમાં જણાવાયું છે કે, તપાસ સંસ્થા એવી જમીનની શોધમાં છે જે જમીન શુભપ્રસન્નાએ એન્ટરપ્રાઈઝ સ્થાપિત કરવા માટે ખરીદી લીધી હતી. આર્ટ એન્ટરપ્રાઈઝ સ્થાપિત કરવા માટે આ જમીન ખરીદવામાં આવી હતી.સાથે-સાથે શારદા ગ્રુપ સાથેના સંબંધમાં તેમની પુછપરછ પણ કરવામાં આવી હતી. ગઈકાલે શારદા કૌભાંડના આરોપી સંધીર અગ્રવાલની જામીનની અરજીને ફગાવી દીધી હતી. સીબીઆઈ દ્વારા અગ્રવાલની ધરપકડ કરવામાં આવી હતી. અગ્રવાલ હાલમાં જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. મમતા બેનર્જીના નેતૃત્વમાં સરકારને મોટો ફટકો ગયા સપ્તાહમાં જ પડ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને શારદા કૌભાંડના મુખ્ય આરોપી કૃણાલ ઘોષને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. કારણકે, કૃણાલે જેલમાં આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.



દિલ્હીમાં મહિલાઓ સામે વધી રહેલા જાતીય સતામણીના કિસ્સાઓ સામે પોલીસ દ્વારા મહિલા રક્ષકોને માર્શલ આર્ટની ટ્રેઈનીંગ આપવામાં આવી રહી છે. ૩ વર્ષની આ તાલીમ પત્યા પછી આ રક્ષકોને દિલ્હી પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવશે.

## સમાચાર ઝલક

- દેશમાં જુદા જુદા ભાગમાં જામતી ઠંડી લેહમાં માઇનસ ૧૨ ડીગ્રી.
- લોકસભામાં પાછળની લાઈનમાં બેસી રહ્યા રાહુલ ગાંધી.
- ડીગ્રી-ડીપ્લોમાની જી.ટી.યુ. સંલગ્ન કોલેજોમાં પરીક્ષાનો પ્રારંભ.
- ભારતમાં આતંકવાદ વકર્યો - ૭૦ ટકા હુમલા વધ્યા.
- ૨૯મી જાન્યુઆરીથી કેન્દ્રીય કર્મચારીઓ માટે બાયોમેટ્રીક હાજરી ફરજીયાત.
- અનામતની બેકલોગની જગ્યાએ ત્વરિત ભરાશે. સમીક્ષા બેઠક યોજાઈ.
- પાકિસ્તાનમાં હિન્દુ મંદિરોમાં તોફાનીઓ દ્વારા તોડફોડ.
- ભુજ તાલુકાના ઝુરા ગામમાં ૮ ફૂટ લાંબા મગરે દેખાતા ગામમાં ગભરાટ ફેલાયો.
- ડાયમંડ સીટી સુરતને વિશેષ દરજ્જો આપવા માટેની સરકારની વિચારણા.
- પેસેન્જર ટ્રેનોમાં કચરાપેટી મુકાશે.
- ચીજ-જાપાનમાં ભૂકંપથી ૮૦ હજાર લોકોને અસર.
- ગીરના જંગલમાં દીપડાને પકડવાના પાંજરામાં સિંહ પકડાઈ ગયો.
- ઈરાકમાં મહિલા તબીબે આઈ.એસ. આતંકવાદી સાથે લગ્ન કર્યા.